# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | વ્યારા : ૮૯૮૦૧૬૩૧૬૩ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪

બુધવાર ૩ એપ્રિલ, ૨૦૨૪




## વાલિયાની ગણેશ સુગરમાં શેરડીના ભાવો તદ્દન ઓછા પડતાં સભાસદો આકરા પાણીએ

**શેરડીના** ભાવમાં સુધારો ન થાય તો કસ્ટોડિયન કમિટી અને ઇનચાર્જ એમ.ડી.ને રાજીનામું ધરી દેવા માંગ

**ચાલુ** વર્ષે સુગરમાં ૬૬ હજાર ખાંડના દાગીના ઓછા બનતાં ૧૯.૮૦ કરોડ રૂપિયાનું નુકસાન: સભાસદોનો આક્ષેપ

**સભાસદો** પોતાની રજૂઆત કરી ગયા, કસ્ટોડિયન કમિટીની ઉપસ્થિતિમાં હિસાબ જોવો હોય તો જોઈ શકે છે: અમરસિંહ રણા



ભરૂચઃ ચાલુ વર્ષે વાલિયાના વટારિયાની ગણેશ સુગરના ૬૬ હજાર ખાંડના દાગીના ઓછા બનતાં એક દાગીના રૂ.૩૦૦૦ના ભાવ પ્રમાણે કુલ ૧૯.૮૦ કરોડ રૂપિયાનું નુકસાન સભાસદોને ગયું છે. ત્યારે શેરડીના ભાવો ઓછા પાડીને સભાસદોનાં ગજવાં ખાલી કરી દીધાં હોવાનો આક્ષેપ થયો છે. શેરડીના ભાવો પાડ્યા બાદ મંગળવારે ગણેશ સુગર ફેક્ટરીમાં કિશાન સંઘ-નારાજ ખેડૂતો આકરાપાણીએ જોવા મળ્યા હતા. અને શેરડીના ભાવમાં સુધારો ન થાય તો કસ્ટોડિયન કમિટી અને ઈનચાર્જ એમ.ડી.ના રાજીનામાની જલદ માંગ કરી છે.

ગણેશ સુગરનો દક્ષિણ ગુજરાતમાં છેલ્લેથી બીજા નંબરે શેરડીનો ભાવ પડતાં સભાસદો રઘવાયા બની ગયા છે. મંગળવારે કિશાન સંઘ લેટર હેડ લઈ વિભાગીય પ્રમુખ નટવરસિંહ સોલંકી, દેવુભા કાઠી, વિજય વસાવા સહિતના સભાસદો સાથે ગણેશ સુગરના કસ્ટોડિયન કમિટીને મળવા માટે પહોંચ્યા હતા. એ વખતે માત્ર કસ્ટોડિયન કમિટીના માત્ર નીલેશભાઈ પટેલ સહિત વહીવટી સ્ટાફને મળી ખેડૂતોની વેદના વ્યક્ત કરી હતી. સાથે જ લેખિતમાં આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, છેલ્લાં ૩ વર્ષ અગાઉના વહીવટકર્તાના અણઘડ વહીવટને કારણે સભાસદોએ નુકસાન વેઠ્યું એ જગજાહેર છે. ત્યારબાદ કસ્ટોડિયન કમિટી બેસાડતા સારો વહીવટ થાય એ સૌને આશા હતી.

જો કે, આ ચાલુ વર્ષે દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગે સુગરોએ ગયા વર્ષની સરખામણીમાં શેરડીના ટન દીઠ લગભગ રૂ.૧૦૦થી લઈને ૨૦૦નો વધારે ચૂકવ્યા છે. જ્યારે કમનસીબે માત્ર ગણેશ સુગરે ગયા વર્ષ કરતાં ટનદીઠ રૂ.૫૦ ઓછા આપીને ખેડૂતો પર નિરાશા જન્માવી દીધી છે.

વધુમાં લેખિતમાં જણાવ્યું હતું કે, કસ્ટોડિયન કમિટી ગામેગામ જઈ પારદર્શક વહીવટનાં બણગાં ફૂંક્યાં હતાં. બળદગાડા, હાર્વેસ્ટર, મજૂરો વધુ હોવાથી આ વખતે માત્ર ૧૩૦૦૦ ટન શેરડીનું પીલાણ કર્યું છે. જેને લઈ સભાસદોના માથે ૪-૫ કરોડ રૂપિયાનો બોજો પડ્યો છે. આ વખતે વર્ષ-૨૦૨૩-૨૦૨૪ની સિઝનમાં શેરડીના ભાવો પર વિચારણા કરી તેમાં વધારો કરવા માટે માંગ કરી છે. જો ભાવમાં કોઈ ફેરફાર ન કરવા માંગતા હોય તો કસ્ટોડિયન કમિટી તેમજ ઈનચાર્જ મેનેજિંગ ડિરેક્ટરે રાજીનામું ધરી દેવા માંગ કરી છે.

આ મુદ્દે ગણેશ સુગરના ઈનચાર્જ એમ.ડી.અમરસિંહ રણાએ જણાવ્યું હતું કે, સુગરના સભાસદો પોતાની રજૂઆત કરી ગયા છે. સભાસદો કસ્ટોડિયન કમિટીની ઉપસ્થિતિમાં હિસાબ જોવો હોય તો જોઈ શકે છે.

## અંકલેશ્વર નજીક હાઈવે પર ડમ્પિંગ સાઈટમાં કચરાના ઢગલામાં આગ

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક હાઈવેસ્થિત નોબલ સ્ક્રેપ માર્કેટ જવાના માર્ગ ઉપર ડમ્પિંગ સાઈટમાં કચરાના ઢગલામાં આગ ફાટી નીકળતાં ધુમાડાનું સામ્રાજ્ય ખડું થયું હતું. જે સામે સ્થાનિક પર્યાવરણવાદીઓએ રોષ વ્યક્ત કર્યો હતો.

અંકલેશ્વર નેશનલ હાઈવેની બાજુમાં આવેલી ભંગારની દુકાનોમાં અવારનવાર આગની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે મંગળવારે અંકલેશ્વરના નોબલ માર્કેટ જવાના માર્ગ ઉપર ડમ્પિંગ સાઈટમાં કચરાના ઢગલામાં આગ ફાટી નીકળી હતી. આગને પગલે ધુમાડાના ગોટેગોટા આકાશમાં જોવા મળ્યા હતા. વારંવાર કચરામાં આગની ઘટનાને કારણે પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. તેવામાં આવી ઘટનાઓ નહીં બને એ માટે તંત્ર યોગ્ય પગલાં ભરે તેવી પર્યાવરણવાદીઓએ માંગ કરી હતી. હાઈવેને અડીને ગ્રામ પંચાયતની આ ડમ્પિંગ સાઈડ આવી હોવાથી અવારનવાર ધુમાડાઓને કારણે હાઈવે ઉપરનો વાહન વ્યવહાર પણ પ્રભાવિત થાય છે. મંગળવારે કચરામાં લાગેલી આગ ભયજનક હતી અને દૂર દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા.

## એક જ પરિવારના 118 વર્ષના ચંપાબા, 18 વર્ષની અનિતા સાથે મતદાન કરશે





દિનેશ વસાવા

**1951ની** લોકસભાની પ્રથમ ચૂંટણીથી સતત મતદાન કરતા હોય એવા રાજ્યના ગણ્યાગાંઠ્યા મતદારો પૈકીના એક છે ડેડિયાપાડાનાં ચંપાબા

**શરીરે** સંપૂર્ણ સ્વસ્થ, પોસ્ટલ બેલેટનો ઉપયોગ નહીં કરે, મતદાનમથકે પરિવાર સાથે ચાલીને જશે

ડેડિયાપાડાઃ ડેડિયાપાડાના જંગલો વચ્ચે આવેલા સોલિયા ગામના ચંપાબેન પારસિંગભાઇ વસાવાને જૂઓ તો તમને એવું લાગે જ નહીં કે આ મહિલા પોતાના જીવનના ૧૧૮ વર્ષના પડાવે પહોંચી ગયા છે ! સમગ્ર નર્મદા જિલ્લામાં સૌથી વધું ઉંમર ધરાવતા સિનિયર સિટીઝન છે, પણ તેમની તંદુરસ્તી તો યુવાનોને પણ શરમાવે એવી છે. ૫૦થી વધુ પારિવારિક સભ્યોનો વિસ્તાર ધરાવતા ચંપાબેન પોતાની ચોથી પેઢીની પ્રપૌત્રી સાથે લોકસભાની આ ચૂંટણીમાં મતદાન કરવા માટે મતદાન મથકે જવાના છે. આઝાદી બાદ ૧૯૫૧માં યોજાયેલી લોકસભાની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં મતદાન કર્યું હોય અને હાલમાં હયાત હોય એવા તેઓ રાજ્યના ગણ્યાગાંઠ્યા મતદારો પૈકીના એક છે.

ચંપાબેન વસાવાએ જીવનના અનેક તડકા છાંયા જોયા છે. આઝાદી બાદની અનેક મહત્વપૂર્ણ ઘટનાઓના તેઓ સાક્ષી છે. એક જમાનો હતો કે જ્યારે તેઓ સોલિયાથી 60 કિલોમિટર દૂર પોતાના પિયર ભરૂચ જિલ્લાના ઉમલ્લા ગામે ચાલીને જતા હતા. સવારે નીકળે એટલે સંધ્યા ટાણે પહોંચી જાય. ક્વચિત એટલે જ આજે પણ તેઓ સારી રીતે ચાલી શકે છે. તેમનો અભ્યાસ નહીં પણ, અક્ષરજ્ઞાન ખરું ! એટલે પુત્રપૌત્રાદિના અભ્યાસમાં ઘણી રુચિ દાખવી અને ભણાવ્યા છે.

આ વખતની લોકસભાની ચૂંટણીમાં વિશેષ વાત એ છે કે, પરિવારજનો ચંપાબાને પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવાને બદલે બૂથ ઉપર મતદાન કરાવવા માટે લઇ જવાના છે. બીજી વાત એ કે, આ પરિવારની પુત્રી અનિતા પ્રથમ વખત મતદાન કરવાની છે. એટલે ૧૧૮ વર્ષના ચંપાબા અને ૧૮ વર્ષની અનિતા એક સાથે મતદાન કરશે.

### ચંપાબાના પતિ પારસિંગભાઈએ વર્ષ-1956ના ભીષણ દુકાળમાં રાજપીપળાથી અનાજ લાવી ગામમાં વહેંચ્યું હતું

અહીં સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે, દુર્ગમ વિસ્તારમાં રહેતા હોય તો પણ એમણે પ્રથમ લોકસભાની ચૂંટણીમાં કેવી જાગૃતિ સાથે મતદાન કર્યું હશે? આ બાબતમાં તેમના પુત્ર ઠાકોરભાઇ વસાવાને પૂછતા કહ્યું કે, અમારા પિતા પારસિંગભાઇ વસાવા સોલિયા ગામના અગ્રણી અને સેવાભાવી વ્યક્તિ હતા. વિક્રમ સંવંત ૧૯૫૬ના ભીષણ દુષ્કાળ દરમિયાન રાજપીપળાથી અનાજ લાવીને ગામમાં વિતરણ કર્યું હતું. પારસિંગભાઇએ અનેક ઉત્સવોની સામૂહિક ઉજવણીની પરંપરા ગામમાં શરૂ કરી હતી. એટલે લોકશાહી પ્રત્યે નાગરિક તરીકેની જવાબદારી ગળથુંથીમાં મળી છે. અમે તમામ ચૂંટણીમાં મતદાન કરવા માટે જઇએ છીએ અને ચંપાબાને પણ લેતા જઇએ છીએ.

### ડેડિયાપાડા અને નાંદોદ વિધાનસભા મળી 72 શતાયુ મતદાર

નર્મદા જિલ્લામાં દેડિયાપાડા વિધાનસભા મત વિસ્તારના ૩૨ અને નાંદોદ વિધાનસભા મત વિસ્તારના ૪૦ મળી કુલ ૭૨ શતાયુ મતદારો છે. જો આટલા વયોવૃદ્ધ મતદાર મતદાન કરવા જવાના છે, તો બાકીના મતદારોએ પણ કોઇ બહાના કાઢ્યા સિવાય પોતાના બંધારણીય અધિકારનો અવશ્ય ઉપયોગ કરવો જોઇએ.

### બપોરે મકાઈ-બાજરીના રોટલા અને સાંજે ખીચડી-દૂધ, ફાસ્ટફૂડથી જોજનો દૂર

ચંપાબાની આહારશૈલી પણ રસપ્રદ છે. તેઓ બપોરે મકાઇ, બાજરાના રોટલા અને શાક, તો સાંજે ખીચડી, દૂધ જેવો હળવો ખોરાક જમે છે. તેમણે ખાંડેલું અને પથ્થરની ઘંટીમાં દળેલું અન્ન બહુ ખાધું છે. ફાસ્ટફૂડથી તો તેઓ જોજનો દૂર રહે છે. સાંજે નવેક વાગ્યે તો તેઓ સૂઇ જાય છે અને વહેલી સવારે પાંચ વાગ્યે નિયમિત ઉઠી જાય છે.

### હજુ ફળિયાની જાતે સફાઈ કરે, સાંભળવામાં તકલીફ ખરી પરંતુ આજદિન સુધી દવાખાનું જોયું નથી

ઉઠીને નાહવા ધોવાની દૈનિક ક્રિયાઓ પણ કોઇની મદદ વિના જાતે આટોપી લે છે. એટલું જ નહીં, સવારમાં હાથમાં સાવરણો પકડીને ફળિયાની સફાઇ પણ કરે છે. સાંભળવામાં થોડી તકલીફ છે, બાકી હજુ સુધી તેમણે દવાખાનું પણ જોયું નથી. બોલો ! છે ને આશ્ચર્યની વાત? સુદીર્ઘ આયુષ્ય પાછળ તેમની આહાર અને જીવનશૈલી જ મહત્વની છે.

## ભરૂચની ક્ષય કચેરીમાં વનિયર પ્રાણી ઘૂસી જતાં કર્મીઓમાં ભારે દોડધામ

**જીવદયાપ્રેમીઓની** ટીમે વનિયરને પકડી પાંજરે પૂર્યું



ભરૂચઃ ભરૂચમાં આવેલા ક્ષય કેન્દ્રમાં શિડ્યુલ વનમાં આવતું અને લુપ્ત થઈ રહેલું વનિયર પ્રાણી ઘૂસી આવતાં કર્મચારીઓ દોડધામ મચી ગઈ હતી. જેની જાણ જીવદયાપ્રેમી સંસ્થાને કરાતાં તાત્કાલિક દોડી આવી વનિયરનું રેસ્ક્યુ કરી પાંજરે પુરાતાં રાહત અનુભવી હતી.

જંગલ વિસ્તારો ઓછા થવાના કારણે અનેક સ્થળોએ વન્ય પ્રાણીઓ રહેણાક વિસ્તારમાં ઘૂસી આવવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે સોમવારે ભરૂચ શહેરમાં આવેલા ક્ષય કેન્દ્રમાં વનિયર પ્રાણી ઘૂસી આવ્યું હતું. જેથી અંદર રહેલા કર્મચારીઓમાં દોડધામનાં દૃશ્યો સર્જાયાં હતાં. આ ઘટનાની જાણ કર્મચારીઓ-જીવદયાપ્રેમી સંસ્થાને થતાં દોડી આવી તેને પાંજરે પૂરીને સુરક્ષિત સ્થળે મુક્ત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે ઉલ્લેખનીય એ છે કે, ૧૯૭૨ના કાયદા પ્રમાણે આવા પ્રાણીને હેરાન કરવું, મોત નીપજાવવું એ ગુનામાં ૩૫ હજારથી ૧ લાખ સુધીનો દંડ તેમજ ૭ વર્ષની કેદની આકરી સજાની જોગવાઈ છે.

## ઉટેવાની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની છેડતી કરનારા શિક્ષકને સાત વર્ષની સજા

**રૂ.1** લાખ દંડ, જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજા પણ કોર્ટે ફટકારી

બારડોલીઃ માંડવીના ઉટેવા ગામની પ્રાથમિક શાળામાં ધો.7 અને 8માં અભ્યાસ કરતી પંદર જેટલી બાળકીઓને અડપલાં અને છેડછાડ કરનાર લંપટ શિક્ષકને બારડોલી સ્પેશિયલ કોર્ટે સાત વર્ષની સજા ફટકારી છે.

વર્ષ-2019માં માંડવીના ઉટેવા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક પંકજ અર્જુન ચૌધરી (ઉં.વ.45)એ ધો.7 અને ધો.8માં અભ્યાસ કરતી કુલ પંદર જેટલી સગીર વયની ભોગ બનનાર સાથે શારીરિક અડપલાં તથા છેડછાડ કરી હતી. જે અંગે તેની સામે માંડવી પોલીસમથકમાં ઈ.પી.કો.ની કલમ 354 (એ) તથા પોક્સો એક્ટ 2012ની કલમ 9(એફ), 10 મુજબ ગુનો નોંધાયો હતો. આ કેસ બારડોલીની સ્પેશિયલ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ નિલેષ એચ. પટેલની દલીલ સાંભળી તથા રજૂ થયેલા પુરાવા ધ્યાને લઈ આરોપી સામેનો ગુનો પૂરવાર થયો હોવાનું માની બારડોલીના આઠમા એડિશનલ સ્પેશિયલ જજ એસ.એસ.સેઠીએ આરોપી પંકજ અર્જુન ચૌધરીને ઇ.પી.કો. કલમ 354(એ)ના ગુનામાં ત્રણ વર્ષની સખત કેદની સજા તથા 60 હજાર દંડ, દંડ ન ભારે તો 6 મહિનાની સાદી કેદની સજા તેમજ પોક્સો એક્ટની કલમ 10 મુજબ સાત વર્ષની સખત કેદની સજા તથા રૂ.1 લાખ દંડ, દંડ ન ભરે તો એક વર્ષની સાદી કેદની સજા ફરમાવતો હુકમ કર્યો હતો.

## ભરૂચમાં રૂપાલાનો ઉગ્ર વિરોધ, પોલીસે પૂતળાદહન રોકતાં ખેંચતાણ



**ક્ષત્રિય** સમાજે રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે કલેક્ટર કચેરીએ ભારે સૂત્રોચ્ચાર કર્યાં, આવેદનપત્ર પાઠવ્યું


**ક્ષત્રિયો** રૂપાલાનું પૂતળું બાળવાના હતા, પરંતુ પોલીસે જોઈ લેતાં પૂતળાનો કબજો લેવા ભારે ખેંચાખેંચનાં દૃશ્યો સર્જાયાં

ભરૂચઃ મંગળવારે ભરૂચ ખાતે ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાના વિરોધમાં ભરૂચ રાજપૂત ક્ષત્રિયોએ મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે એકત્ર થઈ પ્રચંડ વિરોધ નોંધાવી આવેદનપત્ર આપ્યું હતું. જો કે રૂપાલાના પૂતળાનું દહન કરવા જતાં પોલીસ અને આગેવાનો વચ્ચે ખેંચતાણના દૃશ્યો પણ સર્જાયા હતાં.

મંગળવારે ભરૂચ જિલ્લા રાજપૂત સમાજના આગેવાનો અને સમાજના ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં પ્રથમ રાજપૂત છાત્રાલય ખાતે એકત્ર થઈને કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. જ્યાં જિલ્લા નિવાસી કલેક્ટર એન.એમ. ધાંધલને આવેદનપત્ર આપીને રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે ગગનભેદી સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજવી મૂક્યું હતું. જ્યારે સમાજ દ્વારા રૂપાલાના પૂતળાનું દહન કરવા જતાં, પોલીસે જોઈ જતાં પીઆઈ સહિતના અધિકારી અને આગેવાનોમાં દોડધામ સાથે પૂતળાની ખેંચતાણના દ્રશ્યો પણ સર્જાયા હતાં. પોલીસે પૂતળાને પોતાના કબ્જામાં લઈને પૂતળા દહનના કાર્યક્રમને નિષ્ફળ બનાવ્યો હતો. આવેદનપત્ર આપતી વખતે સંદિપ માંગરોલા, પરિમલસિંહ રણા, ઓમકારસિંહ મહારાઉલ સહિત ભરૂચ રાજપૂત સમાજના વિવિધ સંગઠનોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય એ છે કે ભાજપના દિગ્ગજ નેતા અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા સામે ભરૂચ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય સમાજ દ્વારા જબરદસ્ત વિરોધ કરાઈ રહ્યો છે. ક્ષત્રિય સમાજ રાજકોટ બેઠક પરથી તેમની ટિકિટ રદ કરવાની માંગ પર અડગ છે. પરસોત્તમ રૂપાલાએ રજવાડાને લઈને આપેલા વિવાદિત નિવેદનને લઈને તેના પડઘા સમગ્ર ગુજરાતમાં પડી રહ્યા છે.

## અંકલેશ્વર નજીક હાઇવે પર ઓવરબ્રિજમાં વિશાળકાય વાહન ફસાયું



■ અંકલેશ્વર નજીક હાઇવે પર નિલેશ ચોકડી પાસેના ઓવરબ્રિજમાં પુનાથી અમદાવાદ લઈ જવાતું વિશાળકાય વાહન ફસાઈ જતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. અંકલેશ્વર નેશનલ હાઇવે ઉપર આવેલી નિલેશ ચોકડી પાસેના ઓવરબ્રિજમાં અનેકવાર મોટાં વાહનો પસાર થતી વેળા ફસાઈ જતાં હોવાની ભૂતકાળમાં અનેક ઘટનાઓ સામે આવી હતી. ત્યારે મંગળવારે પુનાથી અમદાવાદ જતી વેળા વિશાળકાય વાહન ઉપર ગેસ કન્ટેનર મશીનનો કેટલોક ભાગ બ્રિજની વચ્ચો વચ્ચે ફસાઈ જતાં ભારે ટ્રાફિક પ્રભાવિત થયો હતો. આ અંગેની જાણ હાઇવે ઓથોરિટી અને બી ડિવિઝન પોલીસને થતાં પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને ટ્રાફિકજામને પૂર્વવત કરાવ્યો હતો. તેમજ ફસાયેલાં વાહનને હટાવવાની તજવીજ હાથ ધરી હતી.

## વેજલપુરમાં વૃદ્ધાને સોનાનાં ઘરેણાં ધોઈ આપવાનું કહી બે ઠગ દાગીના લઈને છૂ

**પરસેવો** બહુ થાય છે કહી વૃદ્ધાને પાણી લેવા મોકલતાં ઠગો કળા કરી ગયા



ભરૂચઃ ભરૂચના વેજલપુર ખાતે ઘાંચીવાડ વિસ્તારમાં ધોળા દિવસે સોના-ચાંદીના દાગીના ધોવાનું કહી એક વૃદ્ધાની ત્રણ તોલાની બે બંગડી બે બાઈકસવાર ઈસમ લઈને રફુચક્કર થઈ ગયા હતા.

ભરૂચના વેજલપુર ખાતે ઘાંચીવાડ વિસ્તારમાં રહેતાં અનસૂયા વખાડિયા એકલવાયી જિંદગી જીવે છે. સોમવારે બપોરે તેઓ પોતાના મકાનમાં હાજર હતાં. એ સમયે એક બાઈક લઈ બે ઈસમ આવ્યા હતા. જેમણે સોનાની બંગડીઓ ધોઈ સાફ કરી આપવાનું જણાવી વૃદ્ધાને વાતોમાં ફસાવી હતી. અનસૂયાબેનને એક ઈસમે પરસેવો બહુ થતો હોવાથી પાણી આપવાનું કહેતાં તેઓ ઘરમાં પાણી લેવા ગયા બાદ તસ્કરો તકનો લાભ લઈ ૩ તોલાની સોનાની બંગડી લઈને ફરાર થઈ ગયા હતા. જો કે, અનસુયાબેનને ખબર પડે એ પહેલાં તસ્કરો પલાયન થઈ ગયા હતા. આ બાબતે આજુબાજુમાં શોધખોળ કરતાં કોઈ પત્તો લાગ્યો ન હતો. અંતે પાડોશીએ તાત્કાલિક ભરૂચ બી ડિવિઝનમાં જાણ કરતાં વૃદ્ધાની ફરિયાદ લઈ તસ્કરોને શોધી કાઢવા પોલીસે પ્રયાસ હાથ ધર્યા છે.

## અંકલેશ્વરમાં હોસ્પિટલની નીચે જ આવેલી નોનવેજ હોટલને સીલ મરાયું






**હોટલમાંથી** નીકળતા ધુમાડાથી પરેશાન ઉપરના માળે આવેલી હોસ્પિટલના સંચાલકોએ ફરિયાદ કરી હતી

અંકલેશ્વરઃ અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ પાસે આવેલી નોનવેજ હોટલને ત્રણ નોટિસ બાદ એક્ઝોસ્ટ ચીમની નહીં બદલતાં પાલિકા તંત્ર દ્વારા હોટલને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ પાસે આવેલી ઓર્થોપેડિક હોસ્પિટલના નીચેના ભાગે આવેલી હોટલ ફેલિસીટાના એક્ઝોસ્ટ ચીમનીને પગલે હોસ્પિટલમાં આવતા દર્દીઓ અને સ્ટાફને હોટલની ચીમનીમાંથી નીકળતા ધુમાડાને પગલે હેરાન થવાનો વારો આવી રહ્યો હતો. આ અંગે હોસ્પિટલ દ્વારા અંકલેશ્વર નગર પાલિકા ખાતે હોટલની એક્ઝોસ્ટ ચીમની બદલવા રજૂઆત કરી હતી. જે રજૂઆતને પગલે પાલિકા તંત્ર દ્વારા ત્રણવાર હોટલ ફેલિસીટાના સંચાલકોની નોટિસ ફટકારી હતી. આ નોટિસો છતાં હોટલ સંચાલકોએ કોઈપણ પગલાં નહીં ભરતાં મંગળવારે નગરપાલિકાની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી અને હોટલની સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

અત્રે નોંધનીય છે કે, હોટલ સંચાલકો દ્વારા ધુમાડાને બહાર છોડવા જે એક્ઝોસ્ટ ચીમની મૂકવામાં આવી હતી. તેને કારણે ધુમાડો તેમજ વાસ હોસ્પિટલમાં પ્રસરતી હતી અને તેને કારણે સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નો ખડા થયા હતા. બે વાર એક્ઝોસ્ટ ચીમનીની જગ્યા બદલાઈ છતાં ધુમાડો તેમજ વાસ હોસ્પિટલમાં પ્રસરતી ન અટકતાં છેવટે હોસ્પિટલ સત્તાધિશોએ આ અંગે નગરપાલિકામાં ફરિયાદ કરી હતી. જે અન્વયે મંગળવારે પાલિકાએ હોટલને સીલ કરી હતી.

## વાવની તરુણીને સાથે કામ કરતો યુવાન ભગાડી ગયો

કામરેજઃ મૂળ અમદાવાદ અને હાલ વાવની તરુણી નવાગામ ઉદ્યોગનગરમાં કામ કરતી હતી. ત્રણ દિવસ અગાઉ તરુણી ભાઈને મંદિરે જઈને આવું તેમ કહીને ગયા બાદ પરત ન ફરતાં તેની સાથે કારખાનામાં કામ કરતો યુવાન ભગાડી ગયાની જાણ થતાં કામરેજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.


Milano MULTIPLEX

બારડોલી

CREW :- 10:00Am, 01:00Pm, 04:00Pm, 07:00Pm, 10:00Pm.

Godzilla X Kong The New Empire (Hindi-2D)
12:00Pm, 03:00Pm, 06:00Pm, 09:30Pm.

Madgaon Express
11:00Pm, 05:00Pm.

Yodha: 02:00Pm, 09:00Pm.

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333


**જાહેર નોટીસ - કૌશિક જાદવ,GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં. જન્મ-મરણ/અપીલ નં.૯૪/૨૦૨૪
તા.૦૬/૦૩/૨૦૨૪

વાદી: મિથુનભાઇ શિંગાભાઇ વસાવા, રહે.કરૂઠા, હોળી ફળિયુ, તા.માંડવી, જી.સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કરૂઠા ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મિથુનભાઇ શિંગાભાઇ વસાવા, રહે. કરૂઠા, હોળી ફળિયુ, તા.માંડવી, જી.સુરતએ તેઓના દાદી ચીવીબેન સરાધીયાભાઇ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ચીવીબેન સરાધીયાભાઇ વસાવા ૨. મરણ તારીખ: ૧૬/૧૨/૨૦૧૫ ૩. મરણનું સ્થળ: મોજે.કરૂઠા, તા.માંડવી જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ચીવીબેન સરાધીયાભાઇ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૬/૨૦૨૪ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ.સુરત